# રજા વિશેષાંક ભાગ - ૧

## વિનિયમો અનુસાર રજા સંક્ષેપમાં

| રજાનો પ્રકાર | કોને તે મળી શકે | કોણ મંજૂર કરી શકે | કેટલી મળી શકે | અન્ય શરતો |
|---|---|---|---|---|
| ૧. પરચૂરણ રજા (C.L.) | બધા જ પ્રકારના હંગામી, અજમાયશી, કાયમી શિક્ષક અને બિનશિક્ષક કર્મચારીઓ (વિનિયમ ૩૦(૨(ક), વિનિયમ ૩૦(૯)(ક)) | શાળાના આચાર્ય (વિનિયમ ૩૦૨(ક)) | પ્રત્યેક શૈક્ષણિક વર્ષમાં ૧૫ (વિનિયમ ૩૦(૨)(ક)) | ૧. એક સાથે ૩. અપવાદરૂપ પ્રસંગે ૧૦ સુધી.<br>૨. બેથી વધુ જાહેર રજાઓ આગળ કે પાછળ જોડી શકાય નહિ.<br>૩. આચાર્યની પરવાનગી સિવાય વેકેશન સાથે જોડી શકાય નહિ.<br>૪. નિયમિત આખા દિવસની કે અડધા દિવસની મળી શકે. શાળા અડધો દિવસ ચાલી હોય તો પણ સી. એલ. આખા દિવસની ગણાય. (વિનિયમ ૩૦(૨) (ખ) થી (છ)) |
| સ્પે. સી.એલ. (પરીક્ષા) સંચાલન, સુપરવિઝન માટે ડી. એલ. મળે) | પેપરસેટર, મોડરેટર, પરીક્ષક તરીકેની કામગીરી માટે | આચાર્ય વિનિયમ ૩૦(૨)(જ) | પરચૂરણ રજા જમા ન હોય તો ૧૫ સુધી | |
| ૨. અર્ધપગારી રજા (માંદગીની રજા) | માત્ર કાયમી કર્મચારીને (વિનિયમ ૩૦(૩)) (જો કે કર્મચારી પાછો નોકરી પર આવશે તેમ સંચાલક મંડળને વિશ્વાસ હોય તો ૨૦ લેખે અર્ધપગારી રજા હંગામી, અજમાયશી કર્મચારીને પણ આપી શકાય (વિનિયમ ૩૦(૯)નો પરંતુક ૨) | ૧૫ દિવસ સુધીની આચાર્ય, એથી વધુ શાળા સમિતિ કે સંચાલકમંડળ (વિનિયમ ૩૦(૧૦)) | નોકરી કર્યાના પ્રત્યેક વર્ષ માટે ૨૦ દિવસની અર્ધપગારી(=૧૦પૂરી) એક સાથે વધુમાં વધુ ૧૨૦ દિવસ અર્ધપગારી (=૬૦ દિવસની પૂરી) (વિનિયમ ૩૦(૩)(ક)(ખ)(ગ)) | ૧. સામાન્ય રીતે તબીબી સર્ટિફિકેટને આધારે અથવા બીજી રીતે.<br>૨. આર. એમ. પી.ના સર્ટિફિકેટ સાથે માંદગીનું સ્વરૂપ અને સંભવિત સમયમર્યાદાની જાણ કરતી અરજી કરવી.<br>૩. સંસ્થાને જરૂર જણાય તો પોતાને ખર્ચે પ્રથમ દાક્તરી અભિપ્રાય પછી સત્વરે સિવિલ સર્જનનો અભિપ્રાય મેળવી શકે. (વિનિયમ ૩૦(૩)(ક)(ખ)) |
| ૩. રૂપાંતરિત રજા [Commuted leave | માત્ર કાયમી કર્મચારીને રજા મળવાપાત્ર. | શાળાસમિતિ કે સંચાલકમંડળ | વિનિયમ ૩૦(૩)(ગ) પ્રમાણે અર્ધપગારની રજાઓ એકી સાથે ૧૨૦ દિવસની મર્યાદામાં ભોગવી શકાય. એ જોતાં ૬૦ દિવસની રૂપાંતરિત રજા એકી સાથે ભોગવી શકાય | ૧. સંચાલક મંડળે જણાવેલ આર. એમ. પી. કે સિવિલ સર્જનના પ્રમાણપત્રના આધારે મંડળ મંજૂર રાખે તેવા કોઈ વાજબી કારણે. નોકરીના સમગ્ર સમય દરમિયાન ૨૪૦ દિવસથી વધુ નહિ. હકકરજાઓ સાથે ભેગી કરીને એક સાથે ૨૪૦ દિવસથી વધુ ભોગવી શકાય નહિ. કર્મચારી પાછા નોકરીમાં આવશે એમ માનવાને કારણે હોય ત્યારે જ આ રજાઓ મંજૂર કરી શકાશે. (વિનિયમ ૩૦(૪)) |

| રજાનો પ્રકાર | કોને તે મળી શકે | કોણ મંજૂર કરી શકે | કેટલી મળી શકે | અન્ય શરતો |
|---|---|---|---|---|
| ૪. બિનપગારી રજા [Extra ordinary leave] | અન્યકોઈ પ્રકારની રજા ઉપલબ્ધ ન હોય ત્યારે બધા જ હંગામી, અજમાયશી, કાયમી શૈક્ષણિક કે બિનશૈક્ષણિક કર્મચારીઓને | ૧૫ દિવસ સુધીની આચાર્ય, એથી વધુ સંચાલક મંડળ (વિનિયમ ૩૦(૧૦)) | વધુમાં વધુ ૩૬ માસ કાયમી ન હોય તેવા કર્મચારીને એકી સાથે ટી.બી. કે લેપ્રસીની સારવારમાં ૧૨ માસ અને અન્ય કારણે ૪ માસથી વધુ નહિ. (વિનિયમ ૩૦(૫)) | ૧. રજા વગરની ગેરહાજરી સંચાલક મંડળ બિનપગારી રજા ગણી શકશે.<br>૨. આ રજાઓનો પગાર મળશે નહિ (વિનિયમ ૩૧(૧)(ઘ)) |
| ૫. પ્રસૂતિની રજા [Mater-nity leave] | પ્રસૂતિ અપેક્ષિત હોય તેવા એક વર્ષની નોકરી પૂરી કરી હોય તેવી મહિલા કર્મચારીને પ્રસૂતિ, કસૂવાવડ અથવા ગર્ભપાતના પ્રસંગે. (વિનિયમ ૩૦(૬)(ક)) | સંચાલક મંડળ | શિક્ષણ વિભાગના તા. ૮-૩-૯૯ના ઠરાવથી વિનિયમ ૩૦(૬)(ક) પ્રમાણે ૧૩૬ દિવસની પ્રસૂતિની રજા મળવાપાત્ર છે. | ૧. એક કરતાં વધારે બાળકો હયાત ન હોય તેને જ મળે (૩૦(૫)(ક)) બે વર્ષ કરતાં ઓછી નોકરી પૂરી કરી હોય તેને અર્ધપગારી આ રજાઓ મળે. (૩૦(૬)(ધ)) સમગ્ર નોકરી પૂરી હોય તેને પૂરા પગારે આ રજાઓ મળે (૩૦(૬)(ઘ) સમગ્ર નોકરીના ગાળા દરમિયાન પૂરા પગારે બે જ વખત પ્રસૂતિની રજાઓ મળી શકે. (૩૦(૬)(ચ)). હંગામી કર્મચારીને પણ પ્રસૂતિની રજા મળી શકે. (વિનિયમ ૩૦(૯)) |
| પિતૃત્વની રજા | પુરુષ કર્મચારીને બે કરતાં ઓછા બાળકો હયાત હોય તેને પત્નીની દેખરેખ માટે વિ. ૩૦(૭)(ક) | સંચાલક મંડળ | શિ.વિ.ના તા ૮-૩-૯૯ના ઠરાવથી વિ. ૩૦(૬)(ક) પ્રમાણે ૧૫ દિવસની પિતૃત્વની રજા મળવાપાત્ર છે. | |
| ૬. હક્કરજા [Earned leave] | વેકેશનમાં કામ કર્યું હોય તેવા શૈક્ષણિક કર્મચારીને તથા બધાં જ પ્રકારનો હંગામી, અજમાયશી, કાયમી બિનશિક્ષક કર્મચારીને (વિનિયમ ૩૦(૭)(ક) (ખ)) અને શિક્ષણ વિભાગના તા. ૧૭-૪-૯૯ ઠરાવ અનુસાર આચાર્ય (પ્રથમ આચાર્ય)નોન વેકેશન સ્ટાફમાં મૂકતાં બિન-શૈક્ષણિક સ્ટાફ મુજબ રજા મળવાપાત્ર છે. | ૧૫ દિવસ સુધીની આચાર્ય. તેથી વધુ સંચાલક મંડળ (વિનિયમ ૩૦(૧૦)) | શિક્ષક કર્મચારીને શૈક્ષણિક વર્ષમાં ૩૦ દિવસની મર્યાદાને આધીન રહીને વેકેશનમાં કામ કર્યું હોય તેટલા દિવસની આચાર્ય (પ્રથમ આચાર્ય) બિનશૈક્ષણિક કર્મચારીને નોકરી પૂરી કર્યાના પ્રત્યેક વર્ષ દીઠ ૩૦) | ૧. હક્કરજાઓ ભોગવી ન હોય તો જમા થઈ શકે છે. ૨૪૦ દિવસની હક્ક રજા જમા થયા પછી નવી હક્ક રજાઓ જમા થઈ ન શકે. (વિનિયમ ૩૦(૭)(ક)(ખ)ના પરંતુકો) |